# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


રેફ નં.

તા: ૩૦/૧૨/૨૦૧૬

તંત્રી શ્રી, ______________________

સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ ગીતાબેન ઘનશ્યામભાઈ બવાડીયાના અંગોનું દાન કરી બવાડીયા પરિવારે સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

નામ : ગીતાબેન ઘનશ્યામભાઈ બવાડીયા ઉ. વ. ૪૯ બ્લડ ગ્રુપ: O +VE

૮, સૂર્યવંદન સોસાયટી, રૂક્ષ્મણી સોસાયટીની બાજુમાં, કારગીલ ચોક, પુણાગામ, સુરત

મૂળ રહેવાસી : ગામ: શાંતીનગર, તા: મહુવા, જી: ભાવનગર

કૌટુંબિક વિગત : પતિ: ઘનશ્યામભાઈ ભવાનભાઈ બવાડીયા ઉ. વ. ૫૫

વ્યવસાય: હીરાની દલાલી

પુત્રો: ૧. હિતેશ ઘનશ્યામભાઈ બવાડીયા ઉ.વ. ૩૦

વ્યવસાય: માનગઢ ચોક મીનીબજારમાં હીરાની લે વેચ ના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

૨. જયકુંજ ઘનશ્યામભાઈ બવાડીયા ઉ.વ. ૨૨

પારુલ યુનિવર્સીટી વડોદરાથી ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો અભ્યાસ પૂર્ણ કરેલ છે.

૨....


Nilesh Mandlewala, President, +91 98256 09922
Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031
Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349
Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

શનિવાર તા:૧૦મી ડિસેમ્બરે, ૨૦૧૬ ના રોજ ગીતાબેન તેમના પતિ સાથે તેમના બેન ભાવનાબેનના ઘરેથી રાત્રે ૧૧:૦૦ કલાકે પરત આવી સુવાની તૈયારી કરતાં હતાં ત્યારે એકાએક માથામાં દુ:ખાવાની અને ચક્કર આવવાની ફરિયાદ કરી, બેહોશ થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક આયુશ આઈ.સી.યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં ડૉ. અરવિંદ ગોદીવાળા ની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન અને MRI કરાવતાં મગજમાં બ્રેઈન હેમરેજ હોવાનું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. તેથી ન્યુરોફીજીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકિયાને કન્સલ્ટ કરવામાં આવ્યા. ડૉ. ભદ્રેશ માંગુકિયાએ CT સ્કેન અને MRIનો રિપોર્ટ જોઈ જણાવ્યું કે ઓપરેશન કરવું પડશે. આથી ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાને કન્સલ્ટ કરવામાં આવ્યા. ત્યારબાદ સોમવાર ૧૨ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ ગીતાબેનને વધુ સારવાર માટે મહાવીર ટ્રોમાં હોસ્પિટલમાં ડૉ. હસમુખ સોજીત્રાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

મંગળવાર તા: 13 ડિસેમ્બરે, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાએ ક્રેન્યોટોમી કરી ગીતાબેનના મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. ત્યારબાદ તેની તબિયતમાં સુધારો થતો જતો હતો. શુક્રવાર ૧૬ ડિસેમ્બરે, ૨૦૧૬ના રોજ તેઓ પાછા બેભાન થઇ ગયા હતા. અને તેમની તબિયત વધુ બગડતી જતી હતી, તેથી ડૉ. હસમુખ સોજીત્રાએ CT સ્કેન કરાવતા મગજમાં સોજો હોવાનું નિદાન થયું હતું. મંગળવાર તા: ૨૦ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ વધુ સારવાર માટે તેમને મુંબઈ ની કોકીલાબેન ધીરુભાઇ અંબાણી હોસ્પિટલમાં ન્યુરોસર્જન ડૉ. અભયકુમારની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં સારવાર પછી ડૉ. અભયકુમારે પરિવારને જણાવ્યું કે બ્રેઈન ડેમેજ થઇ ચુક્યું છે. આથી હવે તેની કોઈ સારવાર નથી. તમારા દર્દીને સુરત લઇ જવું હોય તો લઇ જઈ શકો છે. આથી પરિવારજનોએ સોમવાર ૨૬ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ મુંબઈની કોકીલાબેન ધીરૂભાઇ અંબાણી હોસ્પિટલથી ગીતાબેનને સુરતની આશુતોષ હોસ્પિટલમાં ડૉ. કમલેશ દોશીની સારવાર હેઠળ દાખલ કર્યા.

મંગળવાર તા:૨૭ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકિયા અને ૨૯ ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ ગીતાબેનને બ્રેઈનડેડ જાહેર કર્યા.

આશુતોષ હોસ્પિટલના ડૉ. કેતન દેસાઈએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી ગીતાબેનના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

નિલેશ માંડલેવાલાએ હોસ્પીટલ પહોંચી પરિવારના મિત્ર નવલભાઈ પોપટભાઈ ખૂંટની સાથે રહી પરિવારજનોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

...3


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



ગીતાબેનના પતિ ઘનશ્યામભાઈ, પુત્ર હિતેશ અને જયકુંજ, ભાઈ રમેશભાઈ અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે ગીતાબેન જીવનમાં હંમેશા બીજાને ઉપયોગી થવામાં માનતા હતા. આજે જયારે તેઓ બ્રેનડેડ છે અને તેઓના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોના દાન થી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવુ જીવન મળે એવા શુભ આશય સાથે પરિવારજનોએ અંગદાનનો નિર્ણય લીધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશકુમાર અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલ એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની રહેવાસી કનક કિષ્ણકાંત વર્મા ઉ. વ. ૫૧માં અને બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ માણસાના રહેવાસી અશોક આત્મારામ પટેલ ઉ. વ. ૪૬માં કરવામાં આવ્યું છે. જયારે લીવર ફળવદ ના રહેવાસી અનિરુધ્ધ ગીરજાશંકર જોશી ઉ.વ. ૪૫માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં ગીતાબેનના પતિ ઘનશ્યામભાઈ, પુત્ર હિતેશ અને જયકુંજ, ભાઈ રમેશભાઈ, ભત્રીજો ભરત, જેઠ મગનભાઈ, દિયર પ્રાગજીભાઈ અને પરિવારના અન્ય સભ્યો, પરિવારના મિત્ર નવલભાઈ ખૂંટ, ન્યુરોફીજીશયન ડો. ભદ્રેશ માંગુકિયા અને ડો. પરેશ ઝાંઝમેરા, ડો. કમલેશ દોશી, ડો. કેતન દેસાઈ, આશુતોષ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી શ્રી હેમંત દેસાઈ અને પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણીનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૮૦ કિડની, ૬૬ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૧૨ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

ઉલેખનીય છે કે ગુજરાતમાં સૌ પ્રથમ વખત આ વર્ષમાં એટલે કે જાન્યુઆરી ૨૦૧૬ થી ૩૦મી ડિસેમ્બરે ૨૦૧૬ સુધીમાં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ૧૦૦ કેડેવરિક કિડની ટ્રાન્સપ્લાન્ટ થયા છે જેમાંથી ૪૫ કેડેવરિક કિડની સુરત દ્વારા ડોનેટ કરવામાં આવી છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |


Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961